ચાહે સંકટને મુજે ઘેરા હો, ચાહે ચારોં ઓર અંધેરા હો, પર મન ના ડગમગ મેરા હો, રહે ધ્યાન તુમારે ચરણોમેં

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૪૫ |
| અમદાવાદ | ૧૬૩ |
| ગાંધીનગર | ૨૬ |


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૬૦ ૨૦ ઓગસ્ટ, ૨૦૨૦, ગુરૂવાર; ભાદરવા સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# એક દેશ-એક પરીક્ષા : રાષ્ટ્રીય ભરતી એજન્સીને મંજૂરી

**મોદી કેબિનેટનો નિર્ણયઃ - કોમન એલિજિબિલિટી ટેસ્ટ કરાવવા માટે NRA બનશે : દેશના વધુ છ એરપોર્ટનું ખાનગીકરણ થશે : મોદી સરકારની ખેડૂતોને મોટી ભેટ, શેરડીના પાક પર હવે પ્રતિ ક્વિન્ટલ ૨૮.૫૦ રૂપિયા વધુ મળશે**



ન્યુ દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેબિનેટની બેઠક થઈ હતી. કેબિનેટ બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોની માહિતી વિગતે કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે પ્રેસ કોન્ફરન્સમાં આપી હતી. દેશના ૬ એરપોર્ટનું મેનજમેન્ટ અને ઓપરેશન પ્રાઈવેટ કંપનીઓને આપવામાં આવ્યું છે.

નોકરી માટે જુદા જુદા સ્થળોએ અનેક પરીક્ષણો આપનારા યુવાનો માટે મોદી સરકારે મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ભરતી એજન્સીને મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આજે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં લીધેલા નિર્ણયો વિશે માહિતી આપતાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે યુવાનોને નોકરી માટે ઘણી પરીક્ષાઓ લેવી પડે છે. ત્યાં ૨૦ ભરતી એજન્સીઓ છે, તેથી દરેક એજન્સીએ પરીક્ષા આપવા માટે ઘણી જગ્યાએ જવું પડે છે. તેમણે કહ્યું, 'હવે રાષ્ટ્રીય ભરતી એજન્સી પરીક્ષણ લેશે. તેનાથી કરોડો યુવાનોને ફાયદો થશે.

જાવડેકરે જણાવ્યું કે જયપુર, ગુવાહાટી અને

● અનુસંધાન પાના ૭ પર

## સુશાંતસિંહ આપઘાત કેસની તપાસ અંતે સીબીઆઈને સોંપાઈ

**સુપ્રીમે મુંબઈ પોલીસની દલીલો ફગાવી : સુશાંતનો કેસ બિહારમાં નોંધાતા મુંબઈ પોલીસ નારાજ હતી, બિહાર પોલીસને તપાસમાં સહકાર આપ્યો નહતો**

નવી દિલ્હી, તા. ૧૯

એક્ટર સુશાંત રાજપૂતની આત્મહત્યાના કેસની તપાસ અંતે સુપ્રીમ કોર્ટે સીબીઆઈને સોંપી દીધી છે. કોર્ટના આ નિર્ણયને બિહારના ડીજીપી ગુપ્તેશ્વર પાંડેયએ ઐતિહાસિક ગણાવ્યો હતો. ગુપ્તેશ્વર પાંડેયએ કહ્યું કે આ સમગ્ર કેસમાં બિહાર પોલીસનું સ્ટેન્ડ એકદમ સાચું હતું. મહારાષ્ટ્રની પોલીસ ટેકનિકલ બાબતો ઉખાળીને અમને તપાસથી દૂર રાખી રહી હતી. ઉલ્લેખનીય છે કે બિહારમાં કેસ નોંધાયા પછી સરકારે આ કેસને ઝૈમ્ને આપવાની ભલામણ કરી હતી. સુશાંતના મોત પછી આ તપાસ મુંબઈ પોલીસ કરી રહી હતી પણ તેની ફરિયાદ બિહારના પટણામાં નોંધાઈ હતી. ફરિયાદમાં સુશાંતની ગર્લફ્રેન્ડ પર ગંભીર આરોપ મુકાયા હતા. સુપ્રીમમાં દલીલ થઈ હતી કે સુશાંતના મોત પછી સ્વાભાવિક રીતે તેના પિતા ઉત્તરાધિકારી છે. સમગ્ર કેસમાં હત્યાથી લઈને પૈસાની હેરાફેરીની વાત સામે આવી રહી છે. આ અંગે કાયદાની દ્રષ્ટીએ પિતાને પોતાની ફરિયાદ દાખલ કરવાનો હક છે. તેઓ પટનામાં રહે છે. એટલા માટે પટણામાં એફઆઈઆ નોંધાવે તે કાયદાની દ્રષ્ટીએ સાચું હતું. તે સુપ્રીમ કોર્ટના ચુકાદામાં પણ સ્પષ્ટ થયું હતું.

એવો આરોપ છે કે તપાસ માટે મુંબઈ ગયેલી બિહાર પોલીસને સહયોગ કરવામાં આવ્યો ન હતો.



બિહાર પોલીસ મુંબઈ આવી અને ગઈ તેના પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. બિહાર પોલીસની પણ પૂછપરછ કરવામાં આવી હતી. આવશ્યક દસ્તાવેજી પુરાવા પહોંચતા અટકાવવામાં આવ્યા. સુશાંતનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ પણ આપવામાં આવ્યો ન હતો. મુંબઈ પોલીસના પોલીસ કમિશ્નરે પણ પ્રેસ કોન્ફરન્સ કરી આ ઘટના અંગે કહ્યું કે આ કેસ બિહાર પોલીસના અધિકાર ક્ષેત્રમાં નથી. આ કેસમાં અધિકાર જેવી કોઈ વાત ન હતી.

## આગ્રામાં હાઈજેક કરાયેલી બસ ઝાંસીથી મળી

**બસ ફાઇનાન્સ કંપની દ્વારા જપ્ત કરવામાં આવી : તમામ ૩૪ યાત્રિકો સુરક્ષિત**

આગ્રા,તા.૧૯

ઉત્તર પ્રદેશના આગ્રાથી એક બસને હાઈજેક કરવામાં આવી હતી. આ બસ ઝાંસીથી મળી આવી છે. ફાઈનાન્સ કંપનીએ આ બસને પોતાને કબ્જે લઈ લીધી છે. હાલ તમામ ૩૪ યાત્રિકો સુરક્ષિત છે. આ અંગે કંપનીએ પોલીસને તમામ માહિતી આપી દીધી છે.

બસ શ્રીરામ ફાઈનાન્સ કંપની દ્વારા જપ્ત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ફાઈનન્સાકર્મી બનીને આરોપી બસમાં સવાર થયો હતો. કારથી ઓવરટેક કરીને આરોપી બસમાં ચઢ્યો હતો. અડિશનલ ચીફ સેક્રેટરી અવનિશ અવસ્થીએ જણાવ્યું હતું કે, બસના માલિકનું એક દિવસ અગાઉ જ મોત નીપજ્યું હતું. બસની ફાઈનાન્સ કરનારી ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓએ બસને ગેરકાયદેસર રીતે કબજો કરી લીધી હતી.

આ અંગે આગ્રાના સિનિયર એસપી બબલુસિંહે જણાવ્યું હતું કે, આ કેસ એક નોંધવામાં આવ્યો છે. જેમાં ગ્વાલિયરના ત્રણ મુસાફરોએ ફરિયાદ નોંધાવી છે. પ્રવાસીઓના જણાવ્યાં મુજબ, ફાઈનાન્સ કંપનીના કર્મચારીઓએ વચ્ચે રસ્તા પર જ બસને રોકીને કબ્જો કર્યો હતો. બસ ગુરૂગ્રામથી મધ્યપ્રદેશના પન્ના જઈ રહી હતી.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૨૩૯૮૩૮૬ | ૭૮૬૨૯૧ | ૧૫૧૨૨૫૩૮ |
| ભારત | ૨૮૨૩૦૭૮ | ૫૩૮૩૮ | ૨૦૮૪૮૧૯ |
| ગુજરાત | ૮૨૦૮૭ | ૨૮૩૯ | ૬૪૯૩૦ |
| ગાંધીનગર | ૨૧૦૩ | ૧૧૯ | ૧૭૨૯ |

## દેશમાં ૨૪ કલાકમાં વધુ ૬૪૫૩૧ કેસ

**એક દિવસમાં ૧૦૯૨ સંક્રમિતોનાં મોત : ૨૪ કલાકમાં ૬૦૦૯૧ દર્દી કોરોનાની બિમારીથી સ્વસ્થ થયા : આ આંકડો વધીને ૨૦૩૭૮૭૦ સુધી પહોંચ્યો : સ્વાસ્થ્ય મંત્રાલય**

નવી દિલ્હી, તા. ૧૯

ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૭ લાખ ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૪૫૩૧ કેસ નોંધાતા કુલ કેસ ૨૭૬૭૨૭૩ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૯૨ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૨૮૮૯ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બુધવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૭૬૫૧૪ એક્ટિવ કેસ છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી

● અનુસંધાન પાના ૭ પર



## છેલ્લે... છેલ્લે...

- કાશ્મીરના સોપિયા વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે અથડામણ
- સોમનાથમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના સ્વાગત દરમિયાન આતશબાજીથી નજીવી ઈજા
- કોરોના કાળમાં ૧.૮૯ કરોડ યુવાનોની નોકરીઓ ગઈ
- સુરતમાં કોરોનાનો દર્દી ભાગીને મહારાષ્ટ્ર જતો રહ્યો
- બ્રાઝિલે કોરોનાની રસીના ફાઈનલ સ્ટેજની મંજૂરી આપી
- એલન મસ્કે વિશ્વના ચોથા સૌથી અમીર વ્યક્તિ બન્યા
- હું ચીન સાથે કોઈ વાતચીત કરવા તૈયાર નથી : ટ્રમ્પ
- કોરોના સંકટ વચ્ચે ૧૦ સપ્ટેમ્બરથી સંસદનું ચોમાસુ સત્ર યોજાવાની શક્યતા
- લોકડાઉનને લીધે જીડીપીમાં ૨૬ ટકાની ઘટ સર્જાઈ શકે છે
- અનલોક-૩ : દિલ્હી સરકારે હોટેલ ખોલવા મંજૂરી આપી
- ગાંધી-નહેરુ પરિવાર સિવાયની વ્યક્તિને સુકાની બનાવો : પ્રિયંકા

## રિલાયન્સ રિટેલે ડિજિટલ ફાર્મા નેટમેડ્સનો મોટો હિસ્સો ખરીદ્યો

**૬૨૦ કરોડ રૂપિયામાં ડીલ કરવામાં આવી : ડીલના લીધે નેટમેડ્સની માર્કેટ વેલ્યૂ ૧૦૦૦ કરોડ રૂપિયાની થઈ, દેશની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની અમેઝોન સામેની આ સૌથી મોટી ડીલ કરાઈ**

મુંબઈ, તા.૧૯

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ જાહેરાત કરી કે તેમણે ઓનલાઈન ફાર્મસી બ્રાન્ડ નેટમેડ્સનો ૬૦% હિસ્સો ખરીદી લીધો છે. આ રિલાયન્સે આ ડીલ ૬૨૦ કરોડ રૂપિયામાં કરી છે. દેશની સૌથી મોટી ઈ-કોમર્સ કંપની અમઝોન સામેની આ સૌથી મોટી ડીલ છે. આ ડીલના કારણે નેટમેડ્સની માર્કેટ વેલ્યૂ ૧૦૦૦ કરોડ રૂપિયાની થઈ ગઈ છે. આરઆઈએલ સહાયક રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડએ નેટમેડ્સની ઈક્વિટી બહુમત હાસલ કરી દીધી છે. હેવિટાલિક હેલ્થ પ્રાઈવેટ લિમિટેડ અને તેની સહાયક કંપનીઓ સામૂહીક રીતે નેટમેડ્સના રૂપમાં ઓળખાય છે.

● અનુસંધાન પાના ૭ પર

## પ્રણવ મુખર્જીની હાલત વધુ નાજુક ફેફસાંમાં ઈન્ફેક્શન વધી ગયું

નવી દિલ્હી, તા. ૧૯

દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની તબિયત પહેલાં કરતાં વધારે ખરાબ થઈ ગઈ છે. દિલ્હી સ્થિત સેના હોસ્પિટલે બુધવારે આપેલી જાણકારી પ્રમાણે પ્રણવ મુખર્જીના ફેફસા ઈન્ફેક્શન વધી ગયું છે. વેન્ટિલેટર સપોર્ટ પર તેમની સારવાર ચાલી રહી છે. ડૉક્ટરોની એક ટીમ તેમની દેખરેખ રાખી રહી છે. છેલ્લા કેટલાય દિવસોથી તેમની તબિયત ગંભીર બની ગઈ છે. મંગળવારે સેનાના રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલે કહ્યુ હતુ કે પ્રણવ મુખર્જીની તબિયતમાં કોઈ પરિવર્તન નથી. જોકે ડૉક્ટરોએ એ પણ કહ્યું હતું કે તેમના મહત્વપૂર્ણ પેરામીટર સ્થિર છે.

૮૪ વર્ષીય પ્રણવ મુખર્જીને ૧૦ ઓગસ્ટે તબિયત ખરાબ હોવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દિલ્હી કેન્ટ સ્થિત હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. કેટલાય દિવસ પહેલા તેમની બ્રેઈન સર્જરી થઈ હતી.

ઉલ્લેખનીય છે કે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કોરોના વાઈરસથી પોઝીટીવ થયા હતા.

## ભાજપ અગ્રણી ઝડફિયાની હત્યાનું કાવતરુ નિષ્ફળ

**શાર્પશૂટરે અમદાવાદ એટીએસ અને ક્રાઇમ બ્રાન્ચની ટીમ પર ફાયરિંગ કરતા ચકચાર : શાર્પશૂટરની ધરપકડ : રિલિફ રોડની વિનસ હોટેલ પર મધરાત્રે ૩ વાગ્યે એટીએસનું ઓપરેશન, શાર્પશૂટર ઇમરાન શેખ છોટા શકીલની ગેંગનો હોવાનો ખુલાસો, પાકિસ્તાનથી અપાઇ હતી સોપારી, અન્ય એક શાર્પશૂટર ફરાર : શાર્પ શૂટર ઇરફાનને આ હત્યા માટે અઢી લાખ મળવાના હતા, તે છેલ્લા પાંચ દિવસથી ગુજરાતમાં રહેતો હતો : - આ ઘટના બાદ ભાજપ નેતા ગોરધન ઝડફિયાની સુરક્ષામાં વધારો કરતી રૂપાણી સરકાર**



ગાંધીનગર,તા.૧૯

અમદાવાદ એટીએસ અને ક્રાઈમ બ્રાંચે ભાજપના નેતા ગોરધન ઝડફિયાની હત્યા માટે આવેલા ઈરફાન શેખ નામના શાર્પ શૂટરની અમદાવાદની હોટલમાંથી ધરપકડ કરી લીધી છે. મંગળવારે રાત્રે એટીએસ અને ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે કોઈ શાર્પ શૂટર રિલિફ રોડ પર આવેલી વિનસ હોટલમાં રોકાયો છે અને ગુજરાતના કોઈ મોટા નેતાની હત્યા કરવાના ઈરાદા સાથે આવ્યો છે. ઈરફાન શેખ છોટા શકીલ ગેંગનો શાર્પ શૂટર છે.

વિનસ હોટલમાં કોઈ શાર્પ શૂટર રોકાયાની માહિતી મળ્યા બાદ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ એટીએસ અને ક્રાઈમ બ્રાંચની ટીમ પહોંચી હતી. ટીમ જ્યારે પહોંચી ત્યારે શાર્પ શૂટરે એક રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જોકે સદનસીબે કોઈ છ્જી જવાનને ઈજા થઈ નહોતી અને તેમણે આ શાર્પશૂટરને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા શૂટર ઈરફાન પાસેથી બે ૯સ્સ્ની પિસ્તોલ જપ્ત કરાઈ છે. તપાસ કરતા તેના મોબાઈલમાંથી બીજેપીના નેતા ગોરધન ઝડફિયાની તસવીર મળી આવી હતી. એવી પણ માહિતી મળી છે કે આ વ્યક્તિએ બીજેપીના કાર્યાલય કમલમની પણ રેકી કરી હતી. ઝડપાયેલા આરોપી મોહમ્મદ રફીકે મોટો ખુલાસો કરતા કહ્યું હતું કે પાકિસ્તાનથી હત્યાની સોપારી આપવામાં આવી હતી. ભાજપના નેતા ગોરધન ઝડફિયાની હત્યા કરવાનું ષડયંત્ર હતું.

આરોપીની પૂછપરછમાં તપાસ એજન્સીને જાણવા મળ્યું છે કે, ઈરફાન ઈલિયાસ શેખ (ઉવ ૨૩) છેલ્લા પાંચ દિવસથી ગુજરાતમાં રહેતો હતો. ત્યારે ઈરફાનને આજે રાતે મળવા માટે સલમાન નામનો વ્યક્તિ આવવાનો હતો જે ઈરફાનને બીજી મદદ કરવાનો હતો તેવું એટીએસ માની રહી છે. બીજી તરફ ચોંકાવનારી બાબત સામે આવી રહી છે કે, ઈરફાનને આ હત્યા માટે અઢી લાખ રૂપિયા મળવાના હતા.

આ માહિતીને વધારે મજબુત કરવા સેન્ટ્રલ આઈબીએ પોતાના સૂત્રોને એક્ટીવેટ કરતાં જાણકારી મળી કે છોટા શકીલ ગુજરાતમાં એક મોટું ઓપરેશન પાર પાડવા જઈ રહ્યો છે. સેન્ટ્રલ આઈબીએ તુરંત ગુજરાત એટીએસના ડીઆઈજી હિમાંશુ શુક્લને એલર્ટ મેસેજ મોકલી તૈયાર રહેવાની સૂચના આપી હતી. ગતરોજ મંગળવારે સેન્ટ્રલ આઈબીએ આંતરેલા છોટા શકીલના સંદેશામાં જાણકારી મળી કે, મુંબઈથી બે શાર્પ શૂટર અલગ અલગ રીતે અમદાવાદ પહોંચશે

● અનુસંધાન પાના ૭ પર